ફેક્ષ:(૦૨૬૧)૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**અરજદાર** :– શ્રી ભરતકુમાર રતીલાલ નાયક

**સામાવાળા** : – જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી એસ.સી.વસાવા

**ફરીયાદની હકીકત** :–

**વિષય** :– આર.ટી.આઈ એક્ટ–૨૦૦૫ હેઠળ અરજદાર શ્રી ભરતકુમાર રતીલાલ નાયક ની અરજી આઈ.ડી.નં.૧૬૦ તા ૧૯/૦૬/૨૦૧૭ અન્વયે કરેલ પ્રથમ અપીલ બાબત.

**સંદર્ભ** :– (૧) આપશ્રીની આર.ટી.આઈ એક્ટ હેઠળની તા.૧૯/૦૬/૨૦૧૭ની અરજી આઈ.ડી.નં. ૧૬૦
(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (લિંબાયત ઝોન)ના પત્ર નં. ૫૦૦ તા.૧૯/૦૬/૨૦૧૭ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (લિંબાયત ઝોન) ના પત્ર નં.૫૮૬ તા.૦૧/૦૭/૨૦૧૭ આર.ટી.આઈ અરજી અત્રેના વિભાગમાં એચઈડી/ઈન/નં.૬૮ તા.૦૫/૦૭/૨૦૧૭
(૩)એચઈડી/આઉટવર્ડ/નં.૬૩ તા.૨૪/૦૭/૨૦૧૭ થી અરજદારને માહિતી મોકલી.
(૪) કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફીસર સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના પત્ર નં. ૨૫૫ તા.૧૦/૦૮/૨૦૧૭ મુજબ તબદીલ થઈને આવેલ અરજદારની પ્રથમ અપીલ એચઈડી/ઈન/નં.૯૪ તા.૧૧/૦૮/૨૦૧૭ થી અત્રેના વિભાગમાં મળેલ.

ઉપરોક્ત વિષયે તથા સંદર્ભે જણાવવાનું કે, અરજદારની રજુઆત મુજબ આઈ.ડી.નં. ૧૬૦ તા.૧૯/૦૬/૨૦૧૭ થી આર.ટી.આઈ એક્ટ ૨૦૦૫ હેઠળ કરેલ અરજી નમૂના 'ક' માં માંગેલ માહિતીના અનુસંધાનમાં ૩૦ દિવસમાં નિર્ણય થયેલ ન હોવાથી જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ અરજદારે તા.૦૩/૦૮/૨૦૧૭ ના રોજ લિંબાયત ઝોન માં ઈન/નં.૫૮૫ તા૦૩/૦૮/૨૦૧૭ થી મળેલ પ્રથમ અપીલ કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફીસર સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ના પત્ર નં.૨૫૫ તા.૧૦/૦૮/૨૦૧૭ મુજબ અરજદારની પ્રથમ અપીલ એચઈડી/ઈન/નં.૯૪ તા.૧૧/૦૮/૨૦૧૭ થી અત્રેના વિભાગમાં તબદીલ કરેલ છે.જેના અનુસંધાને અરજદારને તક આપીને પ્રથમ અપીલનો નિર્ણય કરવા અન્વયે અત્રેની કચેરીએ તા.૩૧/૦૮/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર સમક્ષ હાજર રહેવા અત્રેના પત્ર નં.એચઈડી/આઉટવર્ડ/નં.૭૦,તા.૨૨/૦૮/૨૦૧૭ થી જાણ કરવામાં આવેલ પરંતુ અરજદારશ્રી રૂબરૂ સુનાવણીમાં હાજર ન રહેલ, તેના અનુસંધાને અરજદારનો પત્ર ૨૯/૦૮/૨૦૧૭ એચઈડી/ઈન/૧૦૫ તા.૦૭/૦૯/૨૦૧૭ થી અત્રેના ખાતાને મળેલ. તેમજ અરજદારને વધુ એક તક આપીને એચઈડી/આઉટ/નં.૭૬ તા.૦૪/૦૯/૨૦૧૭ મુજબ અરજદારને તા.૧૪/૦૯/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું. તે અન્વયે અરજદારશ્રી તા૧૪/૦૯/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા. અપીલ તબકકે કરેલ રજુઆત મુજબ હાઈડ્રોલિક વિભાગ તરફથી આરટીઆઈની અરજીના મુદ્દાઓ પરત્વેની અંશતઃ માહિતીની ત્રણ નકલ પૂરી પાડવામાં આવેલ છે. તેમજ પ્રથમ અપીલ અરજી લિંબાયત ઝોનમાં તબદીલ કરવા અરજદારે જણાવેલ છે. હોઈડ્રોલિક વિભાગને લગતી અન્ય કોઈ માહિતી આપવાની બાકી રહેતી ન હોવાનું રૂબરૂમાં રજુઆત કરેલ છે જે ઉચીત જણાય છે.

**<u>અરજદારની રજુઆત</u>** :–

તા.૧૪/૦૯/૨૦૧૭ ના રોજ અપીલ સુનાવણીમાં અરજદારની રજુઆત માં આર.ટી.આઈ અરજીમાં જણાવેલ અરજીમાં થાણા ફળિયું, ડીંડોલી ગામતળ, નવા વિસ્તારનો સમાવેશ બાબતે નવી વ્યવસ્થા પાણી વિસ્તરણ બાબતે કરેલ છે. તથા મહાનગરપાલિકા ધ્વારા મોકલાતા પત્રો તેઓને પોસ્ટ વિભાગ ધ્વારા જ મોકલવાની રજુઆત કરેલ છે. વધુમાં હાઈડ્રોલિક વિભાગના તાબા હેઠળની માહિતી મળેલ હોય તથા લિંબાયત ઝોનને લગતી આર.ટી.આઈ અરજીમાં જણાવ્યા મુજબની માહિતી માટે પ્રથમ અપીલ લિંબાયત ઝોનમાં તબદીલ કરવા યોગ્ય વ્યવસ્થા કરવા જણાવેલ છે.

**<u>–:: હુકમ ::–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા  અપીલ તબકકે માંગવામાં આવેલ માહિતી પૈકી હાઈડ્રોલિક વિભાગને લગતી માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે તેમજ બીજી વધારાની માહિતી માટે એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર લિબાયત ઝોનમાં અરજદારની પ્રથમ અપીલ તબદીલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણાય તો , માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન  બ્લોક નં. ૧, બીજો માળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા.**

ફેક્ષ:(૦૨૬૧)૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

અરજદાર :– શ્રી મિતુલ એસ. નાવડીયા

સામાવાળા : – જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર શ્રી આર.સી.ગામીત

**વિષય** :– આર.ટી.આઈ એકટ–૨૦૦૫ હેઠળ માહીતી આપવા બાબત.

**સંદર્ભ** :– (૧) આપશ્રીની આર.ટી.આઈ એકટ હેઠળની તા.૧૧/૦૭/૨૦૧૭ની અરજી આઈ.ડી.નં.૫૦૬
(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી પૂર્વ ઝોન (વરાછા) ઝોનનાં પત્ર નં.ઇસ્ટઝોન/આરટીઆઈ/જાવક નં.૧૨૯૫, તા.૧૪/૦૭/૨૦૧૭ થી આર.ટી.આઈ અરજી અત્રેના ખાતાને એચ.ઈ.ડી/ઈન/નં.૭૬,તા.૧૮/૦૭/૨૦૧૭ થી મળેલ છે.
(૩) અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર પૂર્વ ઝોન (વરાછા) નાં પત્ર નં. ઈસ્ટઝોન/આરટીઆઈ/જાવક નં.૧૫૪૦, તા.૨૮/૦૮/૨૦૧૭ નો પત્ર અરજદાર મજકુરની પ્રથમ અપીલ અત્રેના ખાતાને એચઈડી/ઈન/નં.૧૦૨, તા.૩૧/૦૮/૨૦૧૭ થી મળેલ છે.
(૪) અત્રેના પત્ર નં.એચઈડી/આઉટ/નં.૬૪, તા.૨૭/૦૭/૨૦૧૭ થી અરજદારને માહિતી મેળવવા માટે રૂા.૮૨૨/– ભરવા પત્ર મોકલેલ.
(૫) અત્રેના પત્ર નં.એચઈડી/આઉટ/નં.૭૯, તા.૦૬/૦૯/૨૦૧૭ થી અરજદારને તા.૧૪/૦૯/૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા પત્રથી જાણ કરેલ
(૬) અત્રેના પત્ર નં.એચઈડી/આઉટ/નં.૯૦,તા.૨૫/૦૯/૨૦૧૭ થી અરજદારને તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ફાઈલના નિરીક્ષણ બાબતે રૂબરૂ હાજર રહેવા પત્રથી જાણ કરેલ

**ફરીયાદની હકીકત :–**

અરજદારની રજુઆત મુજબ તેઓએ તા.૧૧/૦૭/૨૦૧૭ થી આર.ટી.આઈ એકટ ૨૦૦૫ હેઠળ અરજી કરી મીહતી માંગેલ પરંતુ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીએ સમયમર્યાદામાં માહિતી આપેલ ન હોય તા.૨૩/૦૮/૨૦૧૭ ના રોજ ઇસ્ટ ઝોનમાં પ્રથમ અપીલ કરેલ છે.

**હુકમ :–**

અરજદાર ની મુળ અરજી તથા અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અરજદારને માંગેલ માહિતી સંદર્ભે ફાઈલના નિરીક્ષણ બાબતે રૂબરૂ હાજર રહેવા બોલાવતાં, અરજદારે ફાઈલની ચકાસણી કરતાં તેમને જરૂર હોય તેવી માહિતીના પાનાઓ–કુલ–૧૯૧ ના પાનાદીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૩૮૨/– ભર્યેથી જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી આપવામાં આવશે તેવો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણાય તો , માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ " કર્મયોગી ભવન બ્લોક નં. ૧, બીજો માળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને**
**હાઈડ્રોલિક ઈજનેર,**
**સુરત મહાનગરપાલિકા.**

ફેક્ષ:(૦૨૬૧)૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

અરજદાર ::– શ્રી મુકેશ ગણપતલાલ રાણા

અરજદારશ્રીએ નમુના 'ક' માં માંગેલ આઈ. ઈ.ડી.નં.૧૦૪માં માંગેલ માહિતી મુજબ આપવામાં આવેલ ન હોય જેના અનુસંધાનમાં નમૂનો 'જ' હેઠળ અપીલ અરજી તા.૦૯/૦૫/૨૦૧૭ ના રોજ કરેલ , જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ના પત્ર નં. સી./એફ.એ.પી./૧૩, તા.૧૨/૦૬/૨૦૧૭ આર.ટી.આઈ. એકટ હેઠળની અપીલ એચઈડી/ઈન/નં.૬૦, તા.૧૪/૦૬/૨૦૧૭ થી હાઈડ્રોલિક વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મળેલ હતી.

ઉપરોકત અનુસંધાને જણાવવાનું કે, પ્રથમ અપીલ અરજીની રૂબરૂ સુનાવણી માટે અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૫૯, તા.૧૩/૦૭/૨૦૧૭ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૨૮/૦૭/૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું પરંતુ અરજદાર સુનાવણીમાં રૂબરૂ હાજર ન રહેતા તેઓને વધુ એક તક આપી અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૬૬,તા.૨૯/૦૭/૨૦૧૭ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૧૧/૦૮/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું પરંતુ બીજી તકમાં પણ અરજદારશ્રી રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ ન હતા.

**<u>–:: હુકમ ::–</u>**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર ન રહી આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ હાઈડ્રોલિક વિભાગ ધ્વારા અપીલના સંદર્ભમાં જાહેર અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ તેમ છતાં તમો હાજર રહેલ ન હોવાથી સદર પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણાય તો , માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં. ૧, બીજો માળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર,**
**હાઈડ્રોલિક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા.**

ફેક્ષ:(૦૨૬૧)૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

અરજદાર ::– શ્રી હરેશ અમૃતલાલ પટેલ

સામાવાળા::– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી એમ.જે. પાટીદાર(હાઈડ્રોલિક વિભાગ), સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની આઈ.ડી.નં.૩૦૦/૩૧૩૨૮ ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી એચઈડી/ઈન/નં.૧૭૩, તા.૨૩/૦૩/૨૦૧૭ થી હાઈડ્રોલિક વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મળેલ હતી. સદર અરજીના મુદ્દાઓ બાબતે કરેલ અરજી અન્વયે ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફથી માહિતી તથા આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નમુના–ગ સંતોષકારક જવાબ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ, તા.૨૯/૦૪/૨૦૧૭ પત્ર એચઈડી/ઈન/નં.૨૫ ના રોજ હાઈડ્રોલિક વિભાગનાં અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની તા.૨૩/૦૩/૨૦૧૭ ની અરજી અન્વયે મુદ્દા નં.૧ થી ૪ માં બાર બેન્ડીંગ શીડયુલ એટલે શું? તથા તે શેના ઉપરથી બનાવવામાં કે લખવામાં આવે છે તે બાબતની માહિતી માંગેલ હતી.

અરજદારની આરટીઆઈ એકટ અન્વયેની અરજી આઈ.ડી.નં.૩૦૦/૩૧૩૨૮ કરેલ અરજીના મુદ્દાઓ અન્વયેની માહિતી હાઈડ્રોલિક વિભાગને સ્પર્શતી હોય અને જે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના અત્રેના પત્ર નં.એચઈડી/આઉટ/૨૧,તા.૧૯/૦૪/૨૦૧૭ (મુદા નં.૧ થી ૪ ની માહિતી) થી અરજદાર મજકુરને જાણ કરવામાં આવી હતી. જે પ્રત્યુત્તરથી અરજદારે નારાજ થયેલ હોવાનું જણાવતાં તેઓને અત્રેના વિભાગ ખાતે ચોકકસ કયા પ્રકારની માહિતીની જરૂર છે. તે હેતુથી અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૩૩, તા.૦૫/૦૫/૨૦૧૭ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૧૮/૦૫/૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું પરંતુ અરજદાર સુનાવણીમાં રૂબરૂ હાજર ન રહેતા તેઓને વધુ એક તક આપી અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૪૦, તા.૧૯/૦૫/૨૦૧૭ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૨૬/૦૫/૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું પરંતુ બીજી તકમાં પણ અરજદારશ્રી રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ ન હતા.

**–:: હુકમ ::–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર ન રહી આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા અપીલના સંદર્ભમાં જાહેર અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ તેમ છતાં તમો હાજર રહેલ ન હોવાથી સદર પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણાય તો , માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં. ૧, બીજો માળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર,**
**હાઈડ્રોલિક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા.**

ફેક્ષ:(૦૨૬૧)૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

અપીલ અરજી નં.એચઈડી/ઈન/નં.૬ અને ૭, તા.૦૭/૦૪/૨૦૧૭

અરજદાર ::– શ્રી અફસરખાન હમીદખાન પઠાણ

સામાવાળા::– ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી શ્રી વી.સી.મોદી અને શ્રી જે.એમ.લિંબાચીયા (હાઈડ્રોલિક વિભાગ), સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૭/૦૩/૨૦૧૭ (આઈ.ડી.નં.૩૦૦/૩૦૬૫૬) ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી એચઈડી/ઈન/નં.૧૫૩, તા.૦૭/૦૩/૨૦૧૭ થી હાઈડ્રોલિક વિભાગને જરૂરી કાર્યવાહી અર્થે મળેલ હતી. સદર અરજીના મુદ્દાઓ બાબતે નમૂનો 'ક' માં કરેલ અરજી અન્વયે ડે.ઈજનેરશ્રી અને જુની.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગના જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફથી માહિતી તથા આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નમુના–ક સંતોષકારક જવાબ મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ, તા.૦૭/૦૪/૨૦૧૭ પત્ર એચઈડી/ઈન/નં.૬/૭, ના રોજ હાઈડ્રોલિક વિભાગનાં અપીલ અધિકારીશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. અરજદારે તેમની તા.૦૭/૦૩/૨૦૧૭ ની અરજી અન્વયે મુદ્દા નં.૧ થી ૪ માં ઉધના,નવસારી રોડ,ભેસ્તાનમાં પાણીની મુખ્ય નળીકા નાંખવા બાબતમાં તથા જોડાણ બાબતમાં તેમજ મારુ નામ કોન્ટ્રાકટરોની લીસ્ટમાં સમાવેશ કરવા બાબતમાં તેમજ ખંડેરાવપુરા,નવાબી મસ્જીદ ટ્રસ્ટની જગ્યામાં પાણીની નળીકા બાબતની માહિતી માંગેલ હતી.

અરજદારની આરટીઆઈ એકટ અન્વયેની અરજી આઈ.ડી.નં.૩૦૦/૩૦૬૫૬ થી તા.૦૭/૦૩/૨૦૧૭ ના રોજ કરેલ અરજીના મુદ્દાઓ અન્વયેની માહિતી હાઈડ્રોલિક વિભાગને સ્પર્શતી હોય અને જે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના અત્રેના પત્ર નં.એચઈડી/આઉટ/૨,તા.૦૧/૦૪/૨૦૧૭ (મુદા નં.૪ ની માહિતી) તેમજ પત્ર જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના નં.એચઈડી/આઉટ/૪, તા.૦૩/૦૪/૨૦૧૭ થી અરજદાર મજકુરને જાણ કરવામાં આવી હતી(મુદા નં. ૧ થી ૩). જે પ્રત્યુત્તરથી અરજદારે નારાજ થયેલ હોવાનું જણાવતાં તેઓને અત્રેના વિભાગ ખાતે ચોકકસ કયા પ્રકારની માહિતીની જરૂર છે. તે હેતુથી અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૧૫, તા.૧૩/૦૪/૨૦૧૭ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૧૮/૦૪/૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું તે અન્વયે અરજદારશ્રી તા.૧૮/૦૪/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ હતા.અપીલ તબકકે કરેલ રજુઆત મુજબ હાઈડ્રોલિક વિભાગ તરફથી આરટીઆઈની અરજીના મુદ્દાઓ પરત્વેની માહિતી પૂરી પાડવામાં આવે તેમ જણાવેલ હતું. અન્ય કોઈ માહિતી આપવાની બાકી રહેતી ન હોવાનું રૂબરૂમાં રજુઆત કરેલ છે જે ઉચીત જણાય છે.

## –:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી અરજદાર ધ્વારા ઉપસ્થિત કરેલ રજુઆત તથા જાહેર માહિતી અધિકારીશ્રીનો પ્રત્યુત્તર ધ્વારા રૂબરૂ સુનાવણીમાં હાજર રહી કરેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા અપીલ તબકકે માંગવામાં આવેલ માહિતી સંપુર્ણપણે પુરી પાડવામાં આવેલ છે તેમજ બીજી કોઈ વધારાની માહિતી અરજદારને પુરી પાડવાની રહેતી નથી. જેથી અપીલની અરજી દફતરે કરવામાં આવે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણાય તો , માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ " કર્મયોગી ભવન બ્લોક નં. ૧, બીજો માળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

અપીલ સત્તાધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર,
હાઈડ્રોલિક વિભાગ,
સુરત મહાનગરપાલિકા.

ફેક્ષ:(૦૨૬૧)૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

અપીલ અરજી નં. સેન્ટ્રલ ઓફીસ નં. સી/એફ.એ.પી/૦૪, તા.૦૭/૦૪/૨૦૧૭.

**અરજદાર** ::– શ્રી જોગેન્દ્ર આદિનાથ કાંબળે

**સામાવાળા**::– ડેપ્યેટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી વી.સી.મોદી (હાઈડ્રોલિક વિભાગ), સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૧૪/૦૨/૨૦૧૭ (આઈ.ડી.નં.૨૪૭૩) ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં. સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ.સેલ/આઉટ/૨૪૭૩, તા.૧૫/૦૨/૨૦૧૭ થી હાઈડ્રોલિક વિભાગને એચઈડી/ઈન/નં.૧૪૨ થી તા.૨૨/૦૨/૨૦૧૭ ના રોજ જરૂરી કાર્યવાહી અર્થે મળેલ હતી. સદર અરજીના મુદ્દાઓ નં. ૧ થી ૧૧ બાબતે નમૂનો 'ક' માં કરેલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા મુદા નં. ૪ અને ૫ ની માહિતી એચઈડી/આઉટ/નં.૧૫૭,તા.૦૯/૦૩/૨૦૧૭ થી મોકલેલ. જેના અનુસંધાનમાં અરજદારે અપૂર્ણ માહિતી આપવામાં આવેલ હોય ,આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નમુના–જ (જુઓ નિયમ ૬(૧)) થી નારાજ થઈ, તેમજ નમુનો–ઘ માં અપીલની અરજી સેન્ટ્રલ ઓફીસ નં. સી/એફ.એ.પી/૦૪, તા.૦૭/૦૪/૨૦૧૭ ના રોજ હાઈડ્રોલિક વિભાગનાં અપીલ અધિકારીશ્રી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રેના વિભાગના એચઈડી/ઈનવર્ડ/નં.૧૧, તા.૧૦/૦૪/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની આરટીઆઈ એકટ અન્વયેની અરજી આઈ.ડી.નં.૨૪૭૩ થી તા.૧૪/૦૨/૨૦૧૭ ના રોજ કરેલ અરજીના મુદ્દાઓ નં. ૪ અને ૫ અન્વયેની માહિતી હાઈડ્રોલિક વિભાગને સ્પર્શતી હોય અને જે જાહેર માહિતી અધિકારીશ્રીએ પત્ર નં.એચઈડી/આઉટ/નં.૧૫૭, તા.૦૯/૦૩/૨૦૧૭ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હતી. તેમજ અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૧૬, તા.૧૩/૦૪/૨૦૧૭ તેમજ એચઈડી/આઉટ/નં.૨૩, તા.૨૪/૦૪/૨૦૧૭ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૨૦/૦૪/૨૦૧૭ તેમજ તા.૦૨/૦૫/૨૦૧૭ ના રોજ સાંજે ૪ઃ૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું. પરંતુ અરજદારશ્રી રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ ન હતા.

–:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર ન રહી આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા અપીલના સંદર્ભમાં જાહેર અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ તેમ છતાં તમો હાજર રહેલ ન હોવાથી સદર પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણાય તો , માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં. ૧, બીજો માળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

અપીલ સત્તાધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર,
હાઈડ્રોલિક વિભાગ
સુરત મહાનગરપાલિકા.

ફેક્ષ:(૦૨૬૧)૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦
ફોન :(ઓ) ૦૨૬૧–૨૩૨૯૫૦૪

**અરજદાર** ::– શ્રી શેખ સુલતાન તુમાન

**સામાવાળા**::– ડેપ્યેટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી વી.સી.મોદી (હાઈડ્રોલિક વિભાગ), સુરત મહાનગરપાલિકા.

અરજદારશ્રી ધ્વારા તેઓની તા.૦૯/૧૧/૨૦૧૭ (આઈ.ડી.નં.૧૭૪૩) ની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં. સીસીસી/સીઝેડ/આર.ટી.આઈ.સેલ/આઉટ/૧૭૪૩, તા.૧૩/૧૧/૨૦૧૭ થી હાઈડ્રોલિક વિભાગને એચઈડી/ઈન/નં.૧૨૫ થી તા.૧૫/૧૧/૨૦૧૭ ના રોજ જરૂરી કાર્યવાહી અર્થે મળેલ હતી. સદર અરજી બાબતે નમૂનો 'ક' માં કરેલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા માહિતી એચઈડી/આઉટ/નં.૯૯,તા.૨૨/૧૧/૨૦૧૭ થી મોકલેલ. જેના અનુસંધાનમાં અરજદારે આરટીઆઈ એકટ–૨૦૦૫ ના નમુના–જ (જુઓ નિયમ ૫(૧)) થી નારાજ થઈ, તેમજ નમુનો–ઘ માં અપીલની અરજી જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સીસીસી/સીઝેડ/આઉટ નં.૨૩૦ તા.૧૧/૧૨/૨૦૧૭ ના રોજ અપીલની તબદીલ થઈને હાઈડ્રોલિક વિભાગનાં અપીલ અધિકારીશ્રી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રીને ઉદ્દેશીને અપીલ અરજી કરેલ છે. જે અત્રેના વિભાગના એચઈડી/ઈનવર્ડ/નં.૧૩૩, તા.૧૨/૧૨/૨૦૧૭ ના રોજ પ્રાપ્ત થયેલ છે.

અરજદારની આરટીઆઈ એકટ અન્વયેની અરજી આઈ.ડી.નં.૧૭૪૩ થી તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ કરેલ અરજી અન્વયેની માહિતી હાઈડ્રોલિક વિભાગને સ્પર્શતી હોય અને જે જાહેર માહિતી અધિકારીશ્રીએ પત્ર નં.એચઈડી/આઉટ/નં.૯૯, તા.૨૨/૧૧/૨૦૧૭ થી અરજદાર મજકુરને માહિતી પુરી પાડવામાં આવેલ હતી. તેમજ અરજદાર મજકુરને અત્રેથી પત્ર નં.એચઈડી/આઉટ/૧૧૧, તા.૧૪/૧૨/૨૦૧૭ થી અપીલ અધિકારી અને હાઈડ્રોલિક ઈજનેરશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે તા.૨૮/૧૨/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ હતું. તેમા અરજદારશ્રી રૂબરૂ સુનાવણી અર્થે અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ હતા.

–:: હુકમ ::–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી સંદર્ભે થયેલ રૂબરૂ સુનાવણી સમયે હાજર રહી આરટીઆઈ એકટની કલમ–૨(એફ), ૨(જે) અને માહિતી અધિકારની વ્યાખ્યા મુજબ જાહેર સત્તામંડળ પાસેની તથા તેના નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે તે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી હાઈડ્રોલિક વિભાગ ધ્વારા અપીલના સંદર્ભમાં જાહેર અપીલ અધિકારી સમક્ષ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ હોય જેમા સદર અપીલ બાબતે સમજણ આપેલ હોય, સદર પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં આ હુકમ સંતોષકારક ન જણાય તો , માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ ૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં. ૧, બીજો માળ, સેકટર ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ સત્તાધિકારી અને હાઈડ્રોલિક ઈજનેર,**
**હાઈડ્રોલિક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા.**